| PUBLICATION NAME : | Prabhat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/01/24 |
| PAGE : | 3 |

# ઈડીઆઈઆઈએ ૨૭ વિકસતા દેશોના ૭૧ આંતરરાષ્ટ્રીય સહભાગીઓને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ આપી

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા શુક્રવારે યોજાયેલા વિદાય સમારંભમાં ૨૭ વિકસતા દેશોના ૭૧ વિદેશી પ્રોફેશનલ્સને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ સસ્ટેનેબલ પ્રોજેક્ટ પ્રિપરેશન એન્ડ અપ્રેઝલ એન્ડ ઈનફોર્મલ સેક્ટર એન્ટરપ્રાઈઝ, આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન, નોલેજ મેનેજન્ટ એન્ડ પોલિસી રિસર્ચ અને પ્રમોટિંગ સ્ટાર્ટઅપ્સ ઈન ડેવલપિંગ ઈકોનોમીઝ થ્રુ ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સહિતના ભારત સરકારના વિદેશ મંત્રાલયના ઈન્ડિયન ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (આઈટીઈસી) દ્વારા સ્પોન્સર કરાયેલા ત્રણ પ્રોગ્રામ્સ શુક્રવારે ઈડીઆઈઆઈ



ખાતે પૂરા થયા હતા.

આ પ્રોફેશનલ્સ બાંગ્લાદેશ, ભૂતાન, ડોમિનિકન રિપબ્લિક, ઈથિયોપિયા, ફિજી, ઘાના, કઝાખસ્તાન, કેન્યા, માડાગાસ્કર, મલેશિયા, માલદિવ્સ, મોરિશિયાના, મોરેશિયસ, મોઝામ્બિક, મ્યાનમાર, નાઈજર, નાઈજિરિયા, પાપુઆ ન્યૂ ગિની, સાઉથ આફ્રિકા, સાઉથ સુદાન, શ્રીલંકા, તાજિકિસ્તાન, તાન્ઝાનિયા, ટોગો, તુર્કમેનિસ્તાન, યુગાન્ડા અને ઝિમ્બાબ્વે સહિતના વિકસતા દેશોમાંથી આવ્યા હતા.

પ્રોગ્રામ્સમાં ભાગ લેનાર પ્રોફેશનલ્સને સંબોધતા શ્રીમતી અભિલાષા જોશીએ જણાવ્યું હતું કે "ભારત જ્ઞાનની વહેંચણી તથા શિક્ષણ અને શીખવા પર ધ્યાન આપવાની લાંબી પરંપરા ધરાવે છે. અમે વસુધૈવ કુટુંબકમ એટલે કે 'સમગ્ર વિશ્વ એક પરિવાર છે'ના અમારા સભ્યતાના સિદ્ધાંતોને ઊંચું મૂલ્ય આપીએ છીએ અને તેનાથી પ્રેરિત થઈને અમે સુનિશ્ચિત કરીએ છીએ કે અમારા મહેમાનોનું સંભવિત દરેક પ્રકારે ધ્યાન રાખવામાં આવે. વિદેશ મંત્રાલયના આઈટીઈસી હેઠળના પ્રોગ્રામ્સ ખૂબ જ પ્રસ્તુત, સમકાલિન જરૂરિયાતો પર આધારિત અને દક્ષિણ-દક્ષિણ સહકારના સિદ્ધાંતો પર ભાર મૂકે છે."

પોતાના પ્રવચનમાં ડો. સુનીલ શુક્લાએ જણાવ્યું હતું કે "વિશ્વભરના ૧૬૦થી વધુ દેશોને મદદનો હાથ લંબાવવાની સરકારની પ્રતિબદ્ધતા અદ્વિતીય છે. આ ત્રણ પ્રોગ્રામ્સમાં ભાગ લેનાર પ્રોફેશનલ્સે વિષય-સંબંધિત કૌશલ્યો શીખ્યા હતા.